# GST 2024

## માનનીય ધારાસભ્યશ્રીનું ગુજરાતગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ એક્ટ,૨૦૧૭ ના સુધારા પર વક્તવ્ય

**સં ગચ્છદવં સં વદ દવં**

સનાતન સંસ્કૃતિના  સિધ્ધાંતોને લઇને કામ કરતી કેન્દ્ર સરકારના નાણાવિભાગના  ચીજ-વસ્તુઓ અને સેવાઓના સપ્લાયના વ્યવહારો પર પરોક્ષ વેરો લાદવા બાબતે એકસમાન પદ્ધતિ અનુસરીને એક જ મંચ પર કેન્દ્ર  સરકાર અને તમામ રાજ્યો કે કેન્દ્રશાસિત પ્રદેશો સાથે મળીને એકસમાન નિર્ણય લઇ શકે તે માટે બંધારણના ૧૦૧ માં સુધારાથી નવી અનુસૂચિ-૨૭૯એ ઉમેરવામાં આવેલ છે અને તે હેઠળ જી.એસ.ટી. કાઉન્સિલની રચના કરવામાં આવેલ છે.  ભારત દેશના નાણામંત્રી, રાજ્યના નાણામંત્રી તથા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણામંત્રીઓની GST કાઉન્સિલની રચના કરવામાં આવેલ  છે. જી.એસ.ટી. કાયદા હેઠળની જોગવાઇઓ સમગ્ર દેશમાં એકસમાન રીતે લાગુ પડે છે. જી.એસ.ટી. કાયદાના સુચારુ અમલીકરણમાં કરદાતાઓને પડતી વિવિધ મુશ્કેલી નિવારવા માટે તેમજ વહીવટી સરળતા જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા વખતો-વખત કાયદામાં જરૂરી ફેરફાર કરવા માટેની ભલામણો કરવામાં આવે છે.  GST કાઉન્સિલની નિયમિત પ્રકારે બેઠકો મળતી હોય છે જેમાં ભારત સરકારના નાણામંત્રી તમામ રાજ્યના નાણામંત્રી સાથે એમના રાજ્યની GST બાબતોની વહીવટી પ્રક્રિયા, સમસ્યા કે અન્ય બાબતો અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવે છે અને એ ચર્ચા વિચારણા અંગે સમાધાન કરવામાં આવે છે જે સમાધાન પ્રાપ્ત થાય તેને એક સરખી રીતે બધા જ રાજ્યમાં અમલીકરણ માટે સૂચના આપવામાં આવે છે આવી ભલામણોને આધારે જ કેન્દ્ર સરકાર અને તમામ રાજ્ય સરકારો દ્વારા જી.એસ.ટી. કાયદામાં જરૂરી ફેરફારો કરવામાં આવે છે.  જીએસટી કાયદાના અમલીકરણથી પરોક્ષ વેરાકીય માળખું એકીકૃત બનતા કરદાતાઓ તેમજ સરકારશ્રી અનેક લાભો થયા છે.
આ GST નું સૌ પ્રથમ વિચાર ૨૦૦૨ માં પૂર્વ વડાપ્રધાન સ્વ શ્રી અટલ બિહારી વાજપાઇ ને જય છે કે એમણે આવી કર પ્રણાલી ભારતમાં અમલી બને ટીવી માટેનું વિચાર કરેલું અને એ વિચારને જુલાઈ ૨૦૧૭ માં દેશના વડા પ્રધાન માન.  શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સમયમાં અમલ માં આવ્યો

ઉત્પાદન પર વિવિધ તબક્કે લાગતા કરના લીધે ઉત્પાદનની કિંમતમાં વધારો થતાઉપભોક્તાને બહુવિધ પરોક્ષ કરનો બોજ સહન કરવો પડતો, જેને 'ટેક્સ ઓન ટેક્સ' અથવા 'કાસ્કેડિંગ ઇફેક્ટ' તરીકે ઓળખવામાં આવતો. GST ના અમલીકરણને પરિણામે ઇનપુટ તેક્સ ક્રેડિટના મુક્ત વહનના કારણે આવી ટેક્સની કાસ્કેડિંગ ઇફેક્ટ દૂર થયેલ છે.

જીએસટી ટેક્સ પદ્ધતિ ટેકનોલોજીથી પ્રેરિત અને ટેકનોલોજીથી સંચાલિત હોવાને લીધે નોંધણીથી લઇને રિટર્ન ફાઇલ કરવા જેવી તમામ પ્રક્રિયા ઝડપી અને સરળ બની છે.

GST ના અમલીકરણથી સમગ્ર દેશમાં સમાન ટેક્સ દરો અને નિયમોને કારણે ટેક્સ સંબંધિત અસમાનતાઓ અને અવરોધો ઘટ્યાછે. પરિણામે, આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય સરળ બન્યા છે, જે 'વન નેશન, વન ટેક્સ' ને ખરા અર્થમાં સાર્થક કરે છે. GST ને લઇ નકારાત્મક માનસિકતા ફેલાવનાર લોકો અવાર નવાર ખોટું તથ હીન વાતો સમાજમાં પ્રસરાવતા હોય છે તે પૈકી હું અહી થી કોંગ્રેસના મિત્રોને કહેવા માંગુ છું કે, કયાં સુધી મુસ્લિમ તુસ્ટીકરણ કરશો અને કઈ હદ સુધી જશો, હાલમાં જ રક્ષાબંધનનો પવિત્ર તહેવાર ગયો ત્યારે પવિત્ર તહેવારને ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે પોતાના સોશિયલ મીડિયા હેડલ પર " ટેક્ષ બંધન " ના નામથી હિંદુ સનાતન

સંસ્કૃતિના તહેવારની મજાક ઉડાવી હતી અને GST ના આંકડાઓનું ઉલ્લેખ કર્યો એમણે એમ લખ્યું કે મીઠાઈ ઉપર ૫% ટેક્ષ જ્યારે GST લાગેલ ન હતી ત્યારે VAT ૭% હતો અત્યારે ૫% છે. ગિફ્ટ હેમ્પર લખ્યું છે કે ૧૨% થી ૧૮% GST જ્યારે આવી ભેટ સોગદ ઉપર કોઇ GST હોતી નથી ઝરી વારી રાખડી પર ૫% ટેક્ષ અને હકિકતમાં જ્યારે VAT હતો ત્યારે તેના ૧૩% હતા જ્યારે GST લાગુ થતાં ૫% થયો આમ, કોંગ્રેસ સતત જૂઠાણા ફેલાવી રહી છે અને આ GST કાઉન્સિલમાં કોંગ્રેસ અને ઇન્ડી એલાયન્સના શાસિત રાજ્યો બા નાણા મંત્રીઓ પણ બેઠકમાં ભાગ લે છે અને મહદ અંશે તમામ નિર્ણયો સર્વાનું મતે લેતા હોય છે એટલે કોંગ્રેસ પક્ષના મિત્રોના ચાવવાના એક અને દેખાડવાના બીજા આમ , અવાર નવાર ઉદ્ભવતી બાબતોનું નિરાકરણ લાવા માટે કાયદાઓમાં અવાર નવાર ફેરફાર કરવામાં આવે છે.

ગુજરાત સરકારની સિદ્ધિ

- "મેરા બિલ મેરા અધિકાર " નીચે જાગૃતિ લાવવા પ્રોત્સાહન ઈનામ આપવા
- ૧00% સ્પોટ વેરિફિકેશન
- GST પ્રાઇમ અને બિગ ડેટા એનાલિસીસ પ્રોગ્રામ લાવવો
- સતત મોનિટરીંગ - રીવ્યૂ મિટિંગ
- ફેસલેસ પ્રોસેસ
- ભ્રષ્ટ્રાચાર બંધ
- ૭ દિવસ માં ( આધાર આધારિત ) અરજી પાસ કરવાની
- ૬0 દિવસ માં GST રિફંડ આપવું
- મોબાઈલ સ્કોડ ને કારણે ખુબ સરસ કાર્ય થાય છે અને ક્યારેક કયારેક ચેક પોસ્ટ પર મોટી ચોરીઓ પણ પકડાય છે અને કર ચોરો પર લગામ લગાવે છે

સમગ્રત: જી.એસ.ટી. કાયદા હેઠળનીમહત્વની બાબતોને આવરી લઇને કરદાતાનાલાભ માટે તેમજ સરકારી આવકને સુનિશ્ચિતકરવા માટે માન. નાણાંમંત્રીશ્રીએ રજુ કરેલજી.એસ.ટી. કાયદામાં સુધારા અંગેના આવિધેયકને મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું.